વિદેશથી આવનારાઓ માટે RTPCR ટેસ્ટ ફરજિયાત

વિદેશમાં કોરોના વકરતાં ગુજરાત સરકાર એક્શનમાં : ઇન્ટરનેશનલ ટ્રાવેલરનો રિપોર્ટ પોઝિટિવ આવે તો સેમ્પલનું જીનોમ સિક્વસન્સ માટે મોકલવા કડક સૂચના અપાઈ છે

ગાંધીનગર,તા.૨૭

અન્ય દેશોમાં મ્યુટેડ કોરોના વેરિયેન્ટને લઈને કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સચિવના પત્ર બાદ રાજ્ય સરકાર હરકતમાં આવી છે. એરપોર્ટ ખાતે સંઘન ચેકીંગ અને કોરોના ફરિજિયાત કરવા ગુજરાતના આરોગ્ય વિભાગે પરિપત્ર જાહેર કર્યો છે. યુરોપ, યુનાઇટેડ કિડમ, બ્રાઝીલ, સાઉથ આફ્રિકા, બાંગ્લાદેશ, બોસ્ટવાના, ચાઇના, મોરેશિયસ, ન્યુઝીલેન્ડ, ઝિમ્બાબ્વે, હોંગકોગ ગુજરાતમાં આવતા પ્રવાસીઓના ફરજિયાપણે આરટીપીસીઆર ટેસ્ટ કરવા સૂચના અપાઈ છે. આ ઈન્ટરનેશનલ ટ્રાવેલરનો રિપોર્ટ પોઝિટિવ આવે તો સેમ્પલનું જીનોમ સિક્વસન્સ માટે મોકલવા પણ કડક સૂચના અપાઈ છે. વિશ્વમાં જોવા મળી રહેલા નવા કોરોના સ્ટ્રેઈનથી હડકંપ મચી ગયો છે. ડબલ્યુએચઓએ નવા કોરોના સ્ટ્રેઈનનું નામ ઓમીક્રોન આપી તેને વેરિયન્ટ ઓફ કન્સર્નમાં સમાવેશ કર્યો છે. આવામાં ગુજરાત સરકારે યુરોપ, યુકે બ્રાઝીલ, સાઉથ આફ્રિકા, બાંગ્લાદેશ, બોસ્ટવાના, ચાઇના, મોરેશિયસ, ન્યુઝીલેન્ડ, ઝિમ્બાબ્વે, હોંગકોગ જેવા દેશમાંથી આવતા તમામ પ્રવાસીઓના ઈ-ઝઇ એરપોર્ટ પર ફરજિયાત કરવાનો નિર્ણય કર્યો છે. સાથે જ જે પ્રવાસી કોરોનાગ્રસ્ત હશે એમના સેમ્પલનું જીનોમ સિક્વનસિંગ કરવાના આદેશ અપાયા છે. તો બીજી તરફ, અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર પણ કોરાના ટેસ્ટીંગ હાથ ધરાયુ છે. માસ્ક ન પહેરેલ મુસાફરોના ટેસ્ટ કરવાની કામગીરી ઝડપી કરાઈ છે. તો જે મુસાફરમાં કોરોનાના પ્રાથમિક લક્ષણ જેવા કે શરદી, ઉધરસ અને તાવ દેખાત તો તેમના પણ ટેસ્ટ કરવામા આવે છે. રેલવે સ્ટેશન પર આરટીપીસીઆર અને રેપિડ ટેસ્ટની સુવિધા અપાઈ છે. કોરોના વાયરસ વકરે નહિ તે માટે અન્ય રાજ્યમાંથી આવતા મુસાફરોના ટેસ્ટ માટે આ ખાસ વ્યવસ્થા કરાઈ છે. કોરોનાના નવા સ્ટ્રેઈન મામલે અમદાવાદ સિવિલ હોસ્પિટલના મેડિસિન વિભાગના હેડ ડોક્ટર કમલેશ ઉપાધ્યાયે કહ્યું કે, આપણે ડરવાની કોઈ જરૂર નથી. જેમને કોરોના નથી થયો અને વેક્સીન નથી લીધી એવા તમામ લોકો ચેતી જાય. બીજો ડોઝ બાકી હોય તો સમય અવધિ મુજબ બીજો ડોઝ લઈ લે. કોરોના સમયાંતરે એનું રૂપ બદલી રહ્યું છે, પરંતુ વેક્સીનને કારણે ભારતમાં છેલ્લા કેટલાક મહિનાઓથી કેસો પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી છે. રાજ્યભરમાં દિવાળી અને નવાવર્ષની ખરીદી સમયે જે ભારે ભીડ બજારમાં જોવા મળી હતી, એ બાદ બીક હતી કે કેસો વધી શકે છે. પરંતુ સદનસીબે સ્થિતિ વણસી નથી. કેન્દ્ર અને રાજ્ય સરકાર કેસો વધે તો એના માટે પણ તૈયાર છે, પરંતુ આપણે સૌ સાવચેતી રાખીશું તો સ્થિતિ ચોક્કસથી નિયંત્રણમાં રહેશે. આપણે નવા સ્ટ્રેઈનથી હાલ ડરવાની જરૂર નથી. જે પણ લોકો અન્ય દેશમાંથી ભારતમાં પરત ફરે છે એમને અહીં આવ્યા બાદ ૧૫ દિવસ સુધી ખાસ ધ્યાન રાખવા અપીલ. કોરોનાના એકપણ લક્ષણ હોય તો તાત્કાલિક કોરોના ટેસ્ટ કરાવે એવી વિનંતી છે.

ગાંધીનગરના સફાઈકર્મીઓને પ.પૂ. સમર્થશ્રી પ્રાગદાસબાપા ઈન્ડિયા ફર્સ્ટ ટ્રસ્ટ દ્વારા ઘડીયાળ આપી તેઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ. સ્વચ્છતા અભિયાનમાં જોડાયેલા કર્મીઓનું અનોખી રીતે સન્માન કરાયું હતું.

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨૮ કેસ

આજના દિવસમાં કુલ ૪,૧૯,૩૨૬ રસીના ડોઝ આપવામાં આવ્યા : રાજ્યમાં કુલ ૨૯૧ એક્ટિવ કેસ

ગુજરાતમાં કોરોનાના આજે નવા ૨૮ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૪૫ દર્દી સાજા થઇ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૬,૯૯૯ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ ૯૮.૭૫ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજના દિવસમાં કુલ ૪,૧૯,૩૨૬ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. જો કોરોનાની હાલની સ્થિતિ અંગે ચર્ચા કરીએ તો રાજ્યમાં કુલ ૨૯૧ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૫ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૨૮૬ નાગરિકો સ્ટેબલ છે. આ ઉપરાંત ૮,૧૬,૯૯૯ નાગરિકો અત્યાર સુધીમાં ડિસ્ચાર્જ પણ થઇ ચુક્યાં છે.

૧૦૦૯૨ નાગરિકોનાં અત્યાર સુધી કોરોનાને કારણે મોત થઇ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર છે કે, આજે કોરોનાને કારણે એક પણ વ્યક્તિનું મોત નથી થયું. અમદાવાદ કોર્પોરેશનમાં કોરોના ૧૦, સુરત કોર્પોરેશન ૬, વડોદરા કોર્પોરેશન ૪, કચ્છ, સુરતમાં ૨-૨ કેસ અને જામનગર, ખેડા, નવસારી તથા વલસાડમાં ૧-૧ કેસ નોંધાયા છે. આ પ્રકારે કુલ ૨૮ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત સરકાર રસીકરણના મોરચે પણ મજબુતીથી લડી રહી છે. હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઇન વર્કર પૈકી ૧૪ને રસીનો પ્રથમ જ્યારે ૨૨૫૬ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૧૦૦૪૦ નાગરિકોને રસીનો પ્રથમ જ્યારે ૧૦૧૩૯૨ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૩૩૩૫૩ નાગરિકોને રસીનો પ્રથમ જ્યારે ૨૭૨૨૯૧ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. આજનાં દિવસમાં કુલ ૪,૧૯,૩૨૬ ડોઝ અપાયા હતા. અત્યાર સુધીમાં કુલ ૭,૯૮,૮૦,૨૫૫ રસીના ડોઝ અપાઇ ચુક્યાં છે.

"સેક્ટર રૂટ"ની બસ સેવામાં લાલિયાવાડીથી કફોડી હાલતમાં મુકાતા મુસાફરો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં રાજ્યના વાહનવ્યવહાર નિગમ દ્વારા ચલાવાતી શહેરી બસ સેવા ખૂબ જ મહત્વનું સ્થાન ધરાવે છે. જે શહેરીજનો માટે આવશ્યક ઉપયોગી સેવા છે. શહેરમાં સીટી બસ સર્વિસ તો હજુ થોડાક વર્ષોથી આરંભાઈ છે પરંતુ એસટી વિભાગની શહેરી બસ સેવાની નાગરિકોને ઘણા વર્ષોથી આદત પડેલી છે તેમજ તેમના રોજબરોજના જીવનમાં વણાઈ ચુકી છે. જો કે આ શહેરી બસ સેવામાં કેટલાંક રૂટમાં ખાસ કરીને "સેક્ટર રૂટ"માં બસચાલકો દ્વારા લાલિયાવાડી ચલાવાઈ રહી છે. જેમાં કેટલાંક સ્ટોપને છોડીને અધવચ્ચેથી આગળ નીકળી જવાથી માંડીને રાત્રીના રૂટમાં બસ આવે જ નહીં તેવી સ્થિતિ વારંવાર સર્જાઈ રહી છે જેના કારણે મધ્યમ અને જરૂરિયાતમંદ વર્ગના મુસાફરો હાલાકીનો ભોગ બની રહ્યાં છે.

"સેક્ટરની બસ" તરીકે વર્ષોથી જાણીતા સેક્ટર રૂટ પર નિયત સમયાંતરે બસો મુકવામાં આવેલી છે. જે શહેરનાલગભગ મોટાભાગના સેક્ટરનો આવરી લે તે મુજબ તેનો રૂટ નિયત કરાયો છે. વળી, આ બસ સેવા મોડી રાત્રી સુધીના રૂટ ધરાવતી હોવાથી શહેરીજનોને અન્ય સેક્ટરમાં જવા-આવવા કે અમદાવાદથી પરત ફરવા ખૂબ જ ઉપયોગી બની રહે છે પરંતુ બસચાલકો અને કંડક્ટરો દ્વારા અનેકવાર મુસાફરો નથી ના બહાના તળે સેક્ટરની બસને અમુક રસ્તેથી વાળી લઈને કેટલાંક સ્ટોપ પર જવાનું ટાળવામાં આવે છે જેના કારણે તે સમયે તે સ્ટોપ પર બસની રાહ જોઈને ઉભેલા મુસાફરો જેમાં વિદ્યાર્થીઓ મહિલાઓ, વૃદ્ધો કે બિમાર વ્યક્તિ પણ હોઈ શકે છે. તેઓને ના છુટકે ખાનગી રીક્ષાના તોતીંગ ભાડાનો ખર્ચ કરવો પડે છે.

રાત્રીના સમયે પોતાના કામના સ્થળેથી અન્ય સેક્ટરમાં પોતાના ઘર સુધી પહોંચવા દરરોજ જરૂર પડતી આ સેવામાં તેમને વારંવાર આવી સ્થિતિ સર્જાતા આર્થિક બોજ સાથે જોખમી મુસાફરી કરવાની નોબત આવે છે. ખાસ કરીને સે. ૧૯, સે. ૨૦, સર્કિટહાઉસ, રાજભવનના સ્ટાફ ક્વાટર્સ જેવા વિસ્તારોમાં કાર્યરત ડ્રાઈવર્સ, સિક્યુરિટી ગાર્ડસ, ઘરઘાટી મહિલાઓ, સફાઈ કામદારો, માળી વગેરેને આ પ્રકારની સ્થિતિનો અનેકવાર સામનો કરવાનો આવી રહ્યો છે. વળી આ વિસ્તાર નજીક બોરીજના ત્રણેક પરા વિસ્તારના ગ્રામજનો સહિતના મુસાફરોને પણ બસ ના મળવાથી મુશ્કેલીમાં મુકાવું પડી રહ્યું છે. મોડી રાત્રીના રૂટ પરની બસો સલામત રીતે ઘરે પહોંચવા માટે આશિર્વાદરૂપ રહે છે પરંતુ બસ સ્ટોપ પર આવે જ નહીં ત્યારે બસની રાહ જોઈને બેઠેલા એકલ દોકલ મુસાફર માટે કફોડી સ્થિતિ સર્જાય છે અને રાત્રીના સમયે રીક્ષાચાલકોના દોઢા ભાડા તેમજ તે દારૂ પીધેલાં હોય તેવી સ્થિતિનો પણ સામનો કરવો પડે છે.

સર્કિટહાઉસ તરફના રૂટને અનેકવાર ટાળતા બસચાલકો

સેક્ટર રૂટની બસ ઘ-૫ થી ચ-૫, છ-૫ થઈને સર્કિટહાઉસથી અક્ષરધામ થઈને સે. ૩૦ અને ચ-૬ થી સે. ૨૪ ચાર રસ્તા તરફ જાય તે પ્રકારના રૂટ હોય છે તેમાં અનેકવાર બસચાલકો છ-૫ થી સુધા સે. ૩૦ તરફ બસ લઈને જતા રહે છે ત્યારે સર્કિટહાઉસ કે સે. ૧૯ અથવા સે. ૨૦ના સ્ટોપ પર બસની રાહ જોઈને ઉભેલા મુસાફરોને સમયના વ્યય સાથે રીક્ષા ભાડાનો ખર્ચ કરવો પડે છે. વળી રાત્રીના સમયે રીક્ષામાં દોઢા ભાડા સાથે જોખમી મુસાફરી કરવાની નોબત આવે છે.

વાહનોની ચોરી કરતા બે આરોપીઓને પોલીસે ઝડપ્યા

પોલીસ પેટ્રોલિંગનો સમય પૂર્ણ થયા બાદ વડોદરાથી શહેરમાં ચોરી કરવા નીકળતી ગેંગનાં બે સભ્યો ઝડપાયા છે. મણિનગર પોલીસે બે આરોપીની ધરપકડ કરી લીધી છે. આ ચોરીમાં વાહન ચોરી સહિત ત્રણ ગુનાનો ભેદ ઉકેલ્યો છે. સાથે જ શહેરમાં વધુ એક ચોરીને અટકાવવામાં પણ પોલીસને સફળતા મળી છે. મણિનગર પોલીસની કસ્ટડીમાં રહેલા ફઈમખાન પઠાણ અને વિજય ઉર્ફે અજય રબારી છે. જે બને મૂળ વડોદરાનાં વતની છે પરંતુ અમદાવાદ શહેરમાં ચોરીને અંજામ આપતા હતા. આરોપીઓએ ગત ૨૪ મીની રાત્રે શહેરના ખોખરા વિસ્તારમાથી એક ગાડીની ચોરી કરી અમદાવાદ અને ગાંધીનગરમાં ઘરફોડ માટે રેકી કર્યા બાદ મણિનગરનાં એક ફ્લેટનું તાળું તોડી મોંઘીદાટ ઘડિયાળો અને સોનાનાં દાગીનાની ચોરીને અંજામ આપ્યો હતો. સાથે જ ઘરમાં રહેલી ફરિયાદીની ગાડી ચોરી કરી અગાઉ ચોરેલી ગાડીને બિનવારસી છોડી ફરાર થયા હતા.

GRDની ૬૦૦ જગ્યાની ભરતીમાં હજારો યુવાનો ઉમટ્યા

નોકરીની આશાએ આવેલા યુવાનો પર લાઠી ચાર્જ : ઉમટેલા ઉમેદવારોએ પોતાના વહેલો વારો આવે તે માટે ધક્કામુક્કી કરતાં પોલીસે અંતે બળ પ્રયોગ કરવો પડ્યો

બનાસકાંઠા,તા.૨૭

બનાસકાંઠાના પાલનપુરમાં ગ્રામ રક્ષદ દળ માટે ભરતી પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે એક સાથે હજારો યુવકો આવી જતા વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. ગ્રામ રક્ષદ દળ માટે ૬૦૦ જેટલી જગ્યાઓ પર ઉમેદારી ભરતી પ્રક્રિયા યોજાઈ રહી છે ત્યારે તેની સામે હજારોની સંખ્યામાં યુવકો આવી જતા ભરતી માટે ધક્કામુક્કીના દ્રશ્યો સર્જાયા હતા. ભીડને કાબૂમાં કરવા માટે પોલીસને બળ પ્રયોગ કરવાની પણ ફરજ પડી હતી. હાલ સરકારી નોકરી મેળવવા માટે યુવાનોમાં ક્રેઝ વધી રહ્યો છે. આગામી નજીકના સમયમાં આવી રહેલી લોક રક્ષક દળ, તેમજ પીએસઆઈ માટેની ભરતીને પણ ખૂબ જ મોટી સંખ્યામાં યુવક-યુવતીઓ તૈયારી કરતા નજરે પડી રહ્યા છે. જોકે જેટલા ઉમેદવારો ભરતી માટે ઉમેદવારી નોંધાવે છે તેની સામે તંત્રની પૂરતી તૈયારી ન હોય તો અવ્યવસ્થા સર્જાતી હોય છે. ત્યારે પાલનપુરમાં પણ આવા જ દ્રશ્યો જોવા મળ્યા હતા. ગ્રામ

રક્ષક દળ માટે ભરતી પ્રક્રિયા યોજાઈ રહી છે તેમાં મોટી સંખ્યામાં યુવકો આવી જતા પોલીસ દ્વારા ભીડને નિયંત્રિત કરવા લાઠીનો પણ સહારો લેવામાં આવ્યો હતો. ૬૦૦ જેટલી જગ્યા માટે હજારોની સંખ્યમાં સરકારી નોકરી મેળવવા યુવકોનો ધસારો જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ પોલીસ પણ ભીડને નિયંત્રિત કરવા હાથમાં લાઠીનો સહારો લેતી જોવા મળી હતી. આ રીતે જીઆરડી જેવી ભરતીમાં પણ આટલી મોટી સંખ્યામાં ઉમેદવારો આવી પડતા ગુજરાતમાં બેરોજગારીને લઈને કરવામાં આવતા દાવા અંગે અનેક પ્રશ્નો ઉભા થાય તે સ્વાભાવિક છે. અહીં એ પણ સવાલ ઉઠી રહ્યા છે કે ભરતીની જાહેરાત કરવામાં આવી ત્યારે શું તંત્રને અંદાજો નહોતો કે કેટલી ભીડ ઉમટશે. અને જો હતો તો પછી કેમ એ મૂજબની તૈયારીઓ ન કરવામાં આવી.

સાબરમતીને પ્રદૂષિત કરનાર ૮૪ ફેક્ટરી સામે કાર્યવાહી

હાઇકોર્ટના આદેશ બાદ મહાનગર પાલિકા દ્વારા ગેરકાયદે ગટરની લાઇનમાં કેમિક્લ છોડતા એકમ સામે લાલ આંખ કરી

અમદાવાદ,તા.૨૭

અમદાવાદ શહેરના મધ્યથી પસાર થતી સાબરમતી નદીનાં પ્રદુષણ અંગે હાલમાં હાઇકોર્ટમાં અરજી પર સુનાવણી ચાલી રહેલ છે. હાઇકોર્ટના આદેશ બાદ અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા ગેરકાયદે ગટરની લાઇનમાં કેમિક્લ છોડતા એકમ સામે લાલ આંખ કરી શહેરના ૮૪ થી વધુ એકમના ગટર કનેક્શન કાપી નાંખ્યા છે. અમદાવાદ મહાનગર પાલિકીએ અખબારી યાદીમાં જણાવવાનું કે અમદાવાદ શહેરમાં કુલ ૧૪ એસટીપી કાર્યરત છે જેમાં નદીની પુર્વ બાજુએ આવેલા એસટીપીમાં આવતાં ઈનકર્મીંગ સુએજના પેરામીટર્સ ડિઝાઈન લીમીટ કરતાં ઘણા વધારે જોવા મળે છે. જેનું મુખ્ય કારણ સુએજ લાઇનોમાં આવતું ઈન્ડસ્ટ્રીટલ એફલુઅન્ટ છે. અમદાવાદ શહેરમાં મુખ્ય ૪ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ નરોડા, વટવા, ઓઢવ અને નારોલ આવેલ છે પરંતુ આ ઉપરાંત શહેરના ઉત્તર, પુર્વ, મધ્ય અને દક્ષિણ ઝોનમાં નાનાં-નાનાં ઘણા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ આવેલાં છે. મોટાં ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં એફલુઅન્ટ માટે ઝઈ બનાવેલ છે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ધરગથ્થુ ગંદા પાણીના શુધ્ધિકરણ માટે બનાવેલ છે પરંતુ અમ્યુકોની સેવેજ લાઇનોમાં ઈન્ડસ્ટ્રીયલ કનેકશનો મારફતે ઈન્ડસ્ટ્રીયલ એફલુઅન્ટ ઠલવાતાં હોવાથી એસટીપીના ડોમેસ્ટીક સીવેજના ડિઝાઇન ઈનલેટ પેરામીટર જળવાતાં નથી. જેના કારણે પ્લાન્ટની માઇક્રોબીયલ પ્રોસેસમાં બેકટેરીયલ ડેવલોપમેન્ટમાં હાનિ પહોંચતી હોવાથી આઉટલેટ પેરામીટર ઁઝમ્નાં નોર્મ્સ અનુસાર જળવાતાં નથી તેમજ ઈન્ડસ્ટ્રીયલ એફલુઅન્ટના કારણે એસટીપીની મશીનરીને પણ નુકસાન થતું રહે છે. ઉપરોકત બાબતે નામદાર હાઇકોર્ટમાં કરેલ રજુઆતના સંદર્ભે નામદાર હાઇકોર્ટ દ્વારા તા.૨૦.૧૦.૨૦૨૧ ના રોજ કરેલ ઓર્ડર અનુસાર અમ્યુકો દ્વારા પોતાની યુટીલીટીના મેન્ટેનન્સ માટે તાકીદે ડ્રેનેજ લાઇનોમાં કરેલ ગેરકાયદેસર જોડાણો કાપવાની કામગીરી કરવાની થાય છે. જેના અનુસંધાને અમ્યુકોર્પો દ્વારા વિવધિ ઝોનમાં ૮૪ થી વધુ એકમોના ગટર કનેક્શન કાપી નાખવામા આવ્યા છે. નોંધનીય છે કે એએમસી કાર્યવાહી બાદ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પણ વિરોધ કરવામાં આવ્યો હતો. તેમજ શહેરના બે ફેક્ટરી માલિકો દ્વારા આ મુદ્દે હાઇકોર્ટમા અરજી પણ કરવામાં આવી હતી. જો કે હાઇકોર્ટે અરજદારને ખખડાવતા કહ્યું હતુ કે તમને માત્ર તમારા બિઝનેશની પડી છે. પણ તમારા સ્વાર્થને લીધી નદીની શું સ્થિતિ થઇ છે ? કોઇ પ્રકારે કોર્ટ પાસે સહાનુભૂતિની અપેક્ષા ન રાખશે. ઉદ્યોગોને બચાવવા રાજકારણીનો પણ દખલગીરી કરી રહ્યા છે.

ચિંતાજનક છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોરોનાના નવા વેરિયંટથી બચવા બને તેટલું જલ્દી સક્રિય થવું જરુરી છે. બીજી તરફ, સાઉથ આફ્રિકન એક્સપર્ટ્સનું કહેવું છે કે ઓમાઈક્રોન વધારે ઝડપથી ફેલાય છે, કે પછી તેની ઘાતકતા વધારે છે તેવા કોઈ નક્કર પુરાવા હજુ સુધી નથી મળ્યા. તેમણે એમ પણ કહ્યું હતું કે, અગાઉ જોવા મળ્યું હતું તેમ, ઓમાઈક્રોનથી સંક્રમિત થયેલા કેટલાક દર્દીમાં કોરોનાના કોઈ લક્ષણ જોવા નથી મળી રહ્યા.

ઓમાઈક્રોનમાં દેખાયેલા કેટલાક જિનેટિક ફેરફાર ચિંતાજનક છે, પરંતુ તેનાથી તે જાહેર આરોગ્ય માટે ખતરનાક સાબિત થઈ શકે છે તે હજુ સુધી સ્પષ્ટ નથી થઈ શક્યું. આ પહેલા બિટા સહિતના કેટલાક વેરિયંટ પ્રત્યે વૈજ્ઞાનિકોએ ચિંતા વ્યક્ત કરી હતી પરંતુ તેમનો ફેલાવો મર્યાદિત રહ્યો હતો. જોકે, હાલ તો ઓમાઈક્રોન સામે ચેતી ગયેલા યુરોપિયન યુનિયનના ૨૭ દેશોએ સાઉથ આફ્રિકામાંથી આવતી ફ્લાઈટ્સ પર પ્રતિબંધ મૂકી દીધો છે. તાજેતરમાં જ જ્યાં કોરોનાના કેસોમાં મોટો ઉછાળો નોંધાયો છે.

સુંદરતા નિખરશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થાને અન્ડર પાસનુ નિર્માણ કરી દેવાયુ છે.જયારે અન્ય સર્કલો પણ જાળવણીના અભાવે તુટેલા અને મુર્ઝાયેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. છેલ્લા બે વર્ષથી સર્કલોની જાળવણી કરવામાં આવી નથી. જયારે આ માટે જવાબદાર સંસ્થાઓને પણ તંત્રએ નોટીસ આપી આગળ કોઈ કાર્યવાહી કરી નથી. સર્કલોને વિવિધ થીમ પર વિકસાવાની સાથે માર્ગોની જેમ સર્કલોને પણ નવા નામ આપવામાં આવ્યા હતા.

જો કે વર્ષોના અંતે પણ નવા નામાભિધાન મુજબ માર્ગો તેમજ સર્કલોના નામ લોકજીભે ચઢયા નથી. એ વાત અલગ છે પરંતુ હાલ વાઈબ્રન્ટ સમિટ નજીકમાં છે ત્યારે નગરના માર્ગોની સુંદરતા નિખારવા માટે સર્કલોની સુંદરતા નિખરે તે માટે તંત્ર દ્વારા જવાબદાર સંસ્થાઓને નોટીસ આપી દેવામાં આવી છે. જયારે સર્કલોની જાળવણી માટે કામ પણ શરૂ કરી દેવાયુ છે. તંત્ર દ્વારા અંદાજિત ૨૩ જેટલી સંસ્થાઓને સર્કલોની મરામત તેમજ કલરકામ અને સફાઇ સહીતનુ કામ હાથ ધરવા માટે સુચના આપી દેવામાં આવી છે.

દિલ્હીનો વિકલાંગ યુવક ૨૦ વર્ષ બાદ સોમનાથથી મળ્યો

સોમનાથઃ સોમનાથ તીર્થમાં સેવા કરતી નીરાધાર નો આધાર સંસ્થાએ દિલ્હી થી ૨૦ વર્ષ પેહલા ગુમ થયેલા કટકનાં માનસિક વિકલાંગ યુવકનું પરિવાર સાથે કરાવ્યુંમિલન, પરિવારનુંભાઇ સાથે મિલન થતા ત્યાં લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતાં. મૂળ કટકનો ૨૦ વર્ષ પહેલાં દિલ્હીથી ગુમ થયેલ માનસિક વિકલાંગ યુવક રાજેશ સોમનાથ આવી પહોંચ્યો હતો. સોમનાથની સેવાભાવી સંસ્થાએ મેલીઘેલી હાલતમાં મળી આવેલ યુવકની સારસંભાળ કરીને તેને આશરો આપ્યો હતો. વિસ્તાર જાણીને ત્યાંની પોલીસ સાથે સંપર્ક કરીને યુવકનું પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. બાળપણથી ક્રિકેટમાં કુશળ રાજેશ યુવા અવસ્થામાં માનસિક મંદતાથી પીડાતો હતો. જ્યારે દિલ્હી ખાતે તે પોતાના ભાઈને મળવા ગયો ત્યારે તે દિલ્હીથી ગુમ થયો હતો. પરિવારે તમામ જગ્યાએ શોધખોળ અને પોલીસ ફરિયાદ કરવા છતાં પણ રાજેશનો કોઈ અતોપતો નહોતો મળતો. જોકે આખરે ૨૦ વર્ષનો સમયગાળો વીત્યા બાદ જાણે કે પરિવારે રાજેશનાં જીવિત હોવાની આશા ગુમાવી દીધી હતી, પણ નિયતીને કંઈ અન્ય જ મંજૂર હતું. રાજેશ શર્માનાં પરિવારને સુખદ આશ્ચર્યમાં ત્યારે મુક્યાસોમનાથની સેવાભાવી સંસ્થાએ રાજેશના પરિવારનો પોલીસ મારફતે સંપર્ક કર્યો અને રાજેશ સોમનાથમાં હોવાની જાણ કરી.

છેલ્લી સલામ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વાચકોએ અમારી સમક્ષ વારંવાર સ્વીકાર્યુ ત્યારે અમે હૈયે હર્ષની લાગણી અનુભવી છે.

સર્જનશીલતાની સાથોસાથ સાતત્યમાં તો સુરેશ ભટ્ટને કોઈ ન પહોંચે..!!! જોતજોતામાં આજે આ સાતત્યપૂર્ણ સર્જનને ૨૫ વર્ષ પૂરાં થઈ ગયાં અને આટલા વર્ષોમાં તેમણે ૯ હજાર મુક્તકો લખ્યાં, તેનાથી બમણાં એટલે કે ૧૮ હજાર હાઈકુ લખ્યાં, ૮૧ હજાર જેટલા સુવિચારો ચૂંટીને મૂક્યાં સાથે ૯ હજાર ચિંતન કણિકા અને ૯ હજાર બોધકથા પણ લખી છે. કોઈ વર્તમાનપત્રની કોઈ દૈનિક કૉલમ આમ ૨૫ વર્ષ પુરાં કરે છે એ એક વિક્રમ હશે...!!! ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડ કે લિમ્કા બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડસમાં આ રેકૉર્ડ નોંધાય કે ન પણ નોંધાય; પણ કોઈ ગુજરાતી વર્તમાનપત્ર કે ગાંધીનગરના ઈતિહાસની તો આ અભૂતપૂર્વ, ઐતિહાસિક અને રેકૉર્ડ ઘટના જ છે... અને ગાંધીનગરવાસીઓનાં હૃદયમાં તો આ રેકૉર્ડ અને સુરેશ પ્રા. ભટ્ટની 'સુપ્રભાતમ' કૉલમ હંમેશા અંકિત રહેશે.

હવે શ્રી સુરેશ ભટ્ટ ૮૩ વર્ષનાં થયા છે. મધુપ્રમેહએ અવયવોની મધુરપ છીનવી લીધી છે. શ્રવણશક્તિ રિસાઈ ગઈ છે અને દ્રષ્ટિ વિલાઈ ગઈ છે. આવી સ્થિતિમાં સાહિત્ય સર્જન કરવું અત્યંત આકરૂ અને અગવડીયુ ગયું થઈ ગયું છે અને એટલે જ ઈન્દ્રિયોની મર્યાદાવશ તેઓ પોતાની દૈનિક કૉલમને વિરામ આપવાનો તેમનો નિર્ણય અમે આદરપૂર્વક સ્વિકારીએ છીએ અને તેમના આટલાં સાતત્યપૂર્ણ દિર્ઘ સર્જનને પામ્યાં હોવાના સદભાગ્ય સાથે તેમને હદરપૂર્વક વંદન સહ સન્માનિત કરતાં ગૌરવ અનુભવીએ છીએ.

આ સાથે તેમની આજે ગાંધીનગર સમાચારમાં છેલ્લું 'સુપ્રભાતમ્' છે... છેલ્લી સલામ છે... આદરણીય સુરેશભાઈ ભટ્ટને ગાંધીનગર સમાચાર પ્રણામ પાઠવે છે...

- કૃષ્ણકાન્ત જહા